Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૫· તા. ૧૧ એપ્રિલ થી ૧૭ એપ્રિલ ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MCE/53/2015-17





## ૧૩માં વરસીતપના આરાધક, સરલવિભૂતિ,
## અજોડ શાસનપ્રભાવક, પ. પૂ. ગણિવર્ય ભગવંત શ્રી
# કવીન્દ્રસાગરજી મ.સા.
## ના ગણિપદ રજત વર્ષ (૨૫ વર્ષ) નો
## ગૌરવવંતા પ્રસંગની આછેરી ઝલકો















સૌજન્યદાતા : Orbit વસંતભાઈ વિકમશી

**Orbit** Corporate & Leisure Travels (I) Pvt. Ltd.

**A Joint Venture with Star Group of Companies**









ગુરુ કૃપા સે પ્રભુ મિલે,
પ્રભુ કૃપા સે ગુરુ મિલે...

સરલ વિભૂતિ, નિડર વકતા પ.પૂ. ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. ના ગણિ પદ રજત વર્ષ (૨૫ વર્ષ) મહોત્સવ ગજબનો માનવ મહેરામણ (આરાધકો) પધાર્યા.

અચલગચ્છના અનમોલ અણગાર, સદાનંદી પ.પૂ. ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. ના ગણિ પદ રજત વર્ષ (૨૫ વર્ષ) ના અનુમોદનીય પ્રસંગે

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી શામજી નરશી દંડ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખ તરીકે આવેલ શ્રી નયનભાઈ ભેદા, શ્રી માટુંગા સંઘના મંત્રી શ્રી મહેન્દ્રભાઈ વીરા, શ્રી ઘાટકોપર સંઘના મંત્રી શ્રી લક્ષ્મીચંદભાઈ દેઢિયા, શ્રી મુલુંડ (પૂર્વ) સંઘના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી વલ્લભજીભાઈ દેઢિયા, શ્રી ડોંબિવલી સંઘના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ લોડાયા, શ્રી મુલુંડ ચેકનાકા સંઘના પ્રમુખ શ્રી ગાંગજીભાઈ ગડા, ખાર (પૂર્વ) સંઘના પ્રમુખ શ્રી રાજેશભાઈ નાગડા, સાંતાક્રુઝ (ઈસ્ટ) સંઘના ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ સાવલા, થાણા સંઘના ઉપપ્રમુખ કિશોરભાઈ સાવલા વગેરે સંઘના પદાધિકારીઓ પધારેલ. સાથે જ શ્રી મહેન્દ્રભાઈ પાસડ, વશનજી હરશી ગાલા, રજનીકાંત શાહ, સોમચંદભાઈ લોડાયા, કુમારભાઈ દંડ, પ્રફુલ્લભાઈ ગાલા, દિનેશભાઈ ગોસર, સંજયભાઈ નાગડા વગેરે ૧૪૦૦ થી અધિક શ્રાવક-શ્રાવિકા, મહાનુભાવો પધારી મહોત્સવને મહામહોત્સવ બનાવી દીધો.

સાધુ-સંત પ્રત્યે ભારોભાર બહુમાન ધરાવતા, જૈન સમાજનો ઉંડો અનુભવ ધરાવતા શ્રી જયંતભાઈ રાહી, પોતાના હૃદયોગાર પ્રગટ કર્યા. આવા શાસન પ્રભાવક મહાપુરૂષ જે ગણિ પદ પર રહીને આવા શાસન કાર્યો કરી શકે તો એ સાધુ ભગવંત જો **"આચાર્ય પદ"** પર હોય તો સમગ્ર જિનશાસનનો જય જયકાર કરાવી શકે, ઘણું મોડુ થઈ ગયુ છે હવે તો વહેલી તકે એમને આચાર્ય પદવી મળી જાય એ માટે સંઘો, મહાજનો કાર્યરત થાય એવી માર્મિક ટકોર જયંતભાઈ રાહીએ કરી.

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી શામજીભાઈ દંડે પણ આ ભાવના વ્યકત કરી કે "પૂજયશ્રી ને આચાર્ય પદવી મળી જવી જોઈએ" પૂજય સાધુ- સાધવીજી ભગવંતોએ પણ આ ઈચ્છા વ્યકત કરી છે. શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘે આ જ ભાવના વ્યકત કરી અનેક સંઘો પણ આ ઝંખના અભિવ્યકત કરી ચુકયા છે પરંતુ હવે એ ભાવના, અભિવ્યકિત નિર્ણયાત્મક તબક્કે પહોંચે એ જ મંગલ કામના.

લી. : જય જિનેન્દ્ર ગૌતમ નિધિ ટ્રસ્ટ

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 16/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# મહાજન માંગે એ પહેલાં દાતાઓ વરસે તેમાં બન્નેની મહાનતા સચવાશે

ક.દ.ઓ. જૈન જ્ઞાતિના મોભી મહાજનની વર્ષ ૨૦૧૫-૨૦૨૦ ની મુદત માટેની ટીમે અનંત લબ્ધિધારી પ.પૂ.ગૌતમ સ્વામિની કૃપા સમસ્ત ક.દ.ઓ જૈન જ્ઞાતિ પર વરસે એવી ભાવના સાથે કામનો પ્રારંભ કરી દીધો છે.

દીક્ષા-સમૂહ લગ્ન-બહેનો નવી નવી વસ્તુ શીખે તેવા વેકેશન ક્લાસ સાથે નાતના વિદ્યાર્થીઓ સાચી કારકીર્દી પસંદ કરે એમ ધાર્મિક-નારી કેન્દ્રી, યુવા કેન્દ્રી, જરૂરતમંદ કેન્દ્રી એમ અલગ અલગ પ્રકારના કામ હાથ ધરવામાં આવ્યા છે.

મહાજનની વ્યવસ્થાપક સમિતિની બેઠક બોલાવી આવનારા મહિનાઓમાં જ્ઞાતિજનની આવશ્યકતાઓ પૂરી કરવા કયા ક્યા આયોજન હાથ ધરવા પડશે તેની ચર્ચા વિચારણા થઇ ગઇ છે.

નવી ટીમે પોતાનો કાર્યારંભ પોતાના તથા નિકટના સ્વજનોના ફાળાથી કરી દીધો છે. અલબત્ત, તંદુરસ્ત સમાજજીવનની આવશ્યકતા તરીકે જોઇએ તો ગઇ ટીમને પોતાના નિકટના સંબંધોના નાતે મળેલા ફાળા સિવાયના એટલે કે નાતના કામમાં દાતાઓના ફાળા રૂપે મળેલ નાણાકીય યોગદાન વગર માંગે મહાજનની નવી કમિટીને મળી જવું જોઇએ. જ્યારે જ્યારે નવી ટીમ આવે ત્યારે ત્યારે જો આમ થાય તોજ સમાજજીવનનો ટેમ્પો જળવાય અને આગેવાનો - કાર્યકર્તાઓ નિશ્ચિંતપણે જ્ઞાતિ ગરિમા વધારનાર આયોજનો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી શકે.

પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ ધારાની રૂએ પણ દરેક સંસ્થાએ કાનૂની જરૂરત રૂપે નાણાકીય વર્ષ શરૂ થાય તે પહેલાં પોતાનું બજેટ બનાવવાનું હોય છે. એ દૃષ્ટિએ પણ દાતાઓ પોતાના ફાળાની રકમની આગોતરી જાણ કરે તો આવું બજેટ નવી કમિટીપણ સમયસર બનાવી કાનૂની જરૂરત સાચવી શકે.

જો દાતાઓ પોતાના યોગદાન અંગે મહાજન પાસેથી માન માંગશે તો ખરેખરા 'મહા'જન હોવાનો હક્ક ગુમાવશે.

કચ્છી દશા આસવાલ જૈન જ્ઞાતિ, જેને માત્ર ઇશારો કાફી હોય તેવી સમજદાર જ્ઞાતિ છે.

એટલે આશા જ નહીં પણ શ્રદ્ધા છે કે દાતાઓ માંગ્યા વિના જ વરસશે અને જ્ઞાતિના સમાજજીવનમાં વાવેલા બીજ સવાઇ ફસલ થઇને ઉગશે.

**ચંદ્રસેન મોમાયા**

**પ્રકાશ સમીક્ષાના ચેક લખનારાઓને આગ્રહભરી વિનંતી કે બન્ને પક્ષે મુશ્કેલી ટાળવા ચેકો C.D.O. PRAKASH SAMIKSHA SAMITI - નામે લખવા. એપ્રીલ ૨૦૧૫ થી રિઝર્વ બેંકની સુચના પ્રમાણે અમારી બેંક ખાતાના નામ સિવાયનાં નામનાં ચેક નહીં સ્વીકારે**

## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએસન (કે.ડી.ઓ. સામાજિક સુરક્ષા યોજના)

**કાર્યાલય : C/o એ-૧૩/૧૦, અપુર્વ એપાર્ટમેન્ટ ગોવર્ધન નગર, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (પ), મુંબઇ - ૮૦**

**• પ્રમુખ : શ્રી કિશોર જી. કાયાણી (મુલુંડ) : 09821915545 • ઉપપ્રમુખ : શ્રી. શરદ એચ. મોમાયા (હૂબલી) : 09448116002**

**• માનદ મંત્રી : શ્રી દીપક જી. ડાઘા (મુલુંડ) : 08767753082 • સહમાનદ મંત્રી : શ્રી સતીષ પી. લુઠીયા (ગદગ) : 09845258214**

**• કોષાધ્યક્ષ : શ્રી કાંતિલાલ એલ. વિકમશી (મુલુંડ) : 09833068881**

**૨૫ વર્ષથી વિશ્વાસપૂર્વક આગળ વધતી ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજના**

**રજત જયંતિ વર્ષ નિમિત્તે સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી એકજ વખત કૂલ રૂા. ૨૦૦૦/- ભરી ૦ થી ૫૩ વર્ષના જ્ઞાતિજનો યોજનાના સભ્ય બની શકે છે. કુદરતી અવસાનમાં વારસદારને રૂા. ૭૫,૦૦૦/- તથા આકસ્માત અવસાનમાં વધારાના રૂા.૭૫,૦૦૦/- અપાય છે.**

| **યોજનાની પ્રગતિના આંકડા** | **વર્ષ ૨૦૧૪-૧૫** | **૨૫ વર્ષાંતે (૩૧.૩.૨૦૧૫)** |
|---|---|---|
| નવા સભ્યો | ૫૧૦ | ૧૦૦૬૨ |
| રીટાર્યડ | ૧૭૭ | ૨૩૪૪ |
| અવસાન | ૨૫ | ૨૯૬ |
| વર્તમાન સભ્યો | - | ૭૪૨૨ |

**આગ્રહભરી વિનંતી**

• ઘણી કુમારિકા સભ્યોના લગ્ન થઇ ગયા છે પરંતુ તેમણે હજુ પોતાના નામ, સરનામા, વારસદારની ફેરબદલ કરી નથી. તેમને અનુરોધ છે કે સભ્ય પદનું ફોર્મ ફરીથી ભરી, ફોટા ચીપકાવી મોકલી આપે.

• ઘણાં સભ્યોના નોમીની અવસાન પામ્યા છે. ઘણાં સભ્યોના સરનામા બદલાઇ ગયા છે. આવા સભ્યોને સભ્યપદનું ફોર્મ ફરીથી ભરી આપવા વિનંતી છે.

• ઘણા જ્ઞાતિજનોને ખબર નથી કે તેઓ સંસ્થાના સભ્યો છે કે નથી? આપના સભ્યાપદની તથા આપના કુટુંબીજનોના સભ્યપદની મહિતી મેળવવા Whatsapp : 8767753082 આથવા Email : kdosss@yahoo.in પર આપનું પુરું નામ વતન તથા હાલ વસવાટની વિગતો મોકલતા આપને આપની વિગતો જણાવવામાં આવશે.

**આભાર**

વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ૫૧૦ નવા સભ્યો નોંધાયા છે. તેમનો **આભાર !** એમાંથી ૫૩ સભ્યોને (કુલ ૧૫૯ બે વર્ષમાં) **શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા** (ગાંધીધામ-જખૌ) તથા **શ્રી રાયચંદ હંસરાજ ધરમશી**એ મુંબઇ મહાજન આયોજિત સમુહ લગ્નમાં ૨૧ જ્ઞાતિજનોને પ્રાયોજિત કર્યા છે. તથા શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજને સભ્યપદની ઝુંબેશ આદરી ૭૧ નવા સભ્યો બનાવ્યા છે. તેમનો ખુબ ખુબ આભાર.

આ વર્ષ ૨૦૧૫-૧૬માં પણ **શ્રી પ્રવિણ ટોકરશી લોડાયા (સાવલા લોડાયા ટુરવાળા)**ના આર્થિક સહકારથી શ્રી ક.દ.ઓ મંડળ ડોંબીવલી એમના વિસ્તારમાંથી નોંધપાત્ર નવા સભ્ય બનાવી અમને સાથ સહકાર આપી રહ્યા છે. તેમની ભુરી ભુરી અનુમોદના.

સંસ્થાની જનરલ બોડીના કેટલાક સભ્યોએ પણ વર્ષ દરમ્યાન નોંધપાત્ર નવા સભ્યો બનાવી સાથ સહકાર આપ્યો છે.

**અન્ય સંપર્ક સેતુ.**

| | | | |
|---|---|---|---|
| શ્રી ચીમનલાલ મુલજી શિયાલ (સાયન) | : 09870000566 | શ્રી રમેશ હિરજી લોડાયા (ડોંબીવલી) | : 09892003940 |
| શ્રી પદમકુમાર ધનજી નાગડા (હુબલી) | : 09448090307 | શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા (રાયપૂર) | : 09425213540 |
| શ્રી ફાલ્ગુન લખમશી ખોના (ભાંડૂપ) | : 09820620499 | શ્રીમતી કાશ્મિરાબેન વિરેન્દ્ર લુઠીયા (ચેંબૂર) | : 09821675722 |
| શ્રી. નિતીન રાયચંદ સાયલા (ડોંબીવલી) | : 09821032242 | શ્રી ચેતન કલ્યાણજી મોમાયા (ઇંદોર) | : 09826918271 |
| શ્રી ચેતન ગોવિંદજી નાગડા (અમદાવાદ) | : 09825870960 | શ્રી વીરચંદ ચાંપશી ધરમશી (મુલુંડ) | : 09820082475 |




## પ્રાર્થના સભા : રિવાજો ટુંકાવીએ

શ્રી કુલીનકાંત લુઠીયા અને શ્રી ચંદ્રકાંત દામજી પોલડીયાનો અનુકરણીય અભિપ્રાય વાંચ્યો. જન્મે છે એનું મરણ અવશ્યંભાવિ છે. માત્ર સમયની અજાણતા હોય છે. સ્વજન ના મરણ બાદ પરિવાર શોક મગ્ન થઇ જાય છે. સગાંવહાલા, પાડોશીઓ, સમાજના વ્યકિતઓ અને સંપર્કમાં રહેલ દરેક જણ સાંત્વના આપે છે શોક મગ્ન પરિવારને આ સાંત્વનાથી હૂંફ મળે છે સામાજિક રિવાજના પ્રમાણે પ્રાર્થના સભા પણ રાખીએ છીએ જે યોગ્ય છે. પણ આ પ્રાર્થના સભા માત્ર સ્થાનીય રૂપે મર્યાદિત હોવી જોઇએ, જ્યાં રહેતા હોઇએ ત્યાં ઠીક છે. પણ બહાર ગામથી આવવા જવાનું ધીરે ધીરે ઓછું કરવું જોઇએ. ભાઇ બહેન, વેવાઇ વેલા ભલે બહારગામ રહેતાં હોય તો એમનું આવવું યથા યોગ્ય પ્રસંગની જરૂરિયાત છે. બાકી બધાંએ ઉપલબ્ધ દુર સંચારના વિવિધ માધ્યમોથી શોકમગ્ન પરિવારને સાંત્વના આપવી જોઇએ. જેથી બહારગામ જવા આવવાની પ્રથા બંધ થાય અને કોઇ કોઇના ઉપર દુ:ખ રાખે નહી કે સધરી મેં પણ ન આયાં. એટલે રિવાજોને જેટલા ટુંકાવીએ એ અનુકરણીય પ્રયાસ છે.

**મહેન્દ્ર પી. લોડાયા.** રાયપુર, છતીસગઢ

## લેઝીમનો વિસ્તરતો મહિમા

લેઝીમનું ઉદ્ગમ ભાતબજાર ફૂવારા પાસે ખરૂં. હાલ જ્ઞાતિ યુવાવર્ગને તેનું ઘેલું લાગ્યુ છે. કોઠારાના ચંદ્રકાંત કુંવરજી લોડાયાના સુપુત્ર ચિ. કુમારના લગ્નમાં લેઝીમ પરિકલ્પના પૂર્ણ સફળતાને વરી. જે તેરાના નવીન કેશવજી મોતાના સુપુત્ર ચિ. ગૌરવના લગ્નમાં પુનઃ રજુ થઇ અને મોઢા મોઢ પબ્લીસીટીની જેમ મુંબઇના સીમાડા ઓળંગી ઠેઠ હૈદ્રાબાદ કોઠારાના ખુશાલના વાલજી લોડાયાના સુપુત્ર ચિ. સમકિતના લગ્ન પ્રસંગે ઝળકી અને પછી પૂછવું શું? તે બાદ બે એક લગ્નમાં ઝાંખી દેખાઇ. આ બાબત ગૌરવ કરવા જેવી છે.

**કાંતિલાલ કેશવજી મોતા**


।। શ્રી આદીનાથાય નમ: ।।

**શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન**

મુ. પો. વારાપધર, તા. અબડાસા, જી. કચ્છ – ૩૭૦૬૪૫

**શ્રી વારાપધર જૈન યુવક મંડળ**

કાર્યાલય : C/o. બબલ ગમ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, ૨જે માળે, એન.એસ. રોડ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઇ–૪૦૦૦૮૦. ફોન : ૦૨૨ ૨૫૯૩૪૫૪૫, ૨૫૬૮૩૨૩૧, ૨૬૧૨૧૦૬૨, ૨૬૧૨૨૨૭૦

**પર્વાધિરાજ પર્યુષણની આરાધના માટે પધારવા ભાવભર્યું આમંત્રણ**

આરાધના પ્રેમી વારાપધરવાસીઓ તેમજ નિયાણી બહેનોને માદરે વતન ના નૈસર્ગિક, શાંત, રમણીય વાતાવરણમાં તથા આદેશ્વર દાદાના સાનિધ્યમાં પર્યુષણ પર્વ શ્રાવણ વદ–૧૩ શુક્રવાર, તા ૧૧.૦૯.૨૦૧૫ થી ભાદરવા સુદ–૬, શનિવાર, તા. ૧૯.૦૯.૨૦૧૫ દરમ્યાન ધર્મ આરાધના કરવા સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

| | | | | |
|---|---|---|---|---|
| મુંબઇથી પ્રસ્થાન | બુધવાર, તા. ૦૯.૦૯.૨૦૧૫ | બાંદ્રા ટર્મિનસ | ૧૯૧૧૫ | સયાજી નગરી દ્વારા |
| મુંબઇ તરફ પ્રયાણ | રવિવાર, તા. ૨૦.૦૯.૨૦૧૫ | ભુજ | ૧૯૧૩૨ | કચ્છ એક્સપ્રેસ દ્વારા |

નકરો રૂા. ૧,૦૦૦/– વ્યક્તિ દીઠ રીટર્ન (નોન રિફંડેબલ)

તો હવે રખે મોડું કરતાં આવાગમનની વ્યવસ્થા કરવામાં સુગમતા રહે અને હા આપણને સુવિદિતજ છે કે ૧૨૦ દિવસ પૂર્વે રેલ્વે રીઝર્વેશન શરૂ થાય છે તો જરૂરથી **મંગળવાર, તા. ૦૫.૦૫.૨૦૧૫** સુધી આપના નામ તથા રકમ ભરી મંડળના પદાધિકારીઓને જરૂરથી નોંધાવશો.

**નોંધ :** પર્યુષણ પર્વના દિવસો દરમ્યાન આરાધના કરવા પધારનાર આરાધકોની ઉતારાની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા સમૂહમાં કરવામાં આવશે તેમજ સાધર્મિક ભકિત મહાજનના રસોડે રહેશે. વિનંતી : ધૃતની બાકી રહેતી રકમ ભરવા નમ્ર અનુરોધ !

નીતેશ દિનેશ લોડાયા (સહ માનદ્મંત્રી) મો. ૯૩૨૩૯૯૩૨૮૨

સંપર્ક

નિલેશ શીવજી મૈશેરી (ખજાનચી) મો. ૯૮૧૯૮૧૨૭૮૫

## પ્રકાશ સમીક્ષાના જાહેરતના દરોમાં ૧લી મે ૨૦૧૫ (અંક નં. ૧૮ થી વધારો થશેઃ)

છેલ્લા ત્રણ વર્ષથી પ્રકાશ-સમીક્ષાના પ્રકાશન માટે જરૂરી એવા કાગળ, પ્રિંટીંગ, પરિવહન અને અન્ય સંલગ્ન ખર્ચાઓમાં સતત વધારો થતો રહ્યો છે, પરંતુ પ્રકાશ સમીક્ષા સમિતિએ જાહેરાતના દરોમાં કોઇ વધારો કર્યો નથી. સમિતિના સભ્યો કાગળ-પ્રિન્ટીંગના બિલોની ચુકવણી અર્થે વખતો વખત પોતાની અંગત લોન આપીને અને કેટલાક પાયાના ખર્ચા અંગત રીતે ભોગવીને શક્યતઃ વધુમાં વધુ કરકસરથી પ્રકાશનનો વહીવટ સંભાળતા આવ્યા છે.

સમિતિના સભ્યો પ્રકાશનને કોઇ પણ પ્રકારનો આર્થિક નફો મેળવવાનું સાધન માનતા નથી. જ્ઞાતિને એક નીડર નિષ્પક્ષ અને વસ્તુલક્ષી (Objective) આલોચના માટેનું સંપૂર્ણ સ્વતંત્ર પત્રકારીત્વ મળી રહે તે હેતુથી પ્રકાશ-સમીક્ષાએ ક્યારે પણ કોઇ પણ દાન ઉઘરાવવા પ્રયત્નો કર્યા નથી તેમજ તેવા કોઇ અનુદાનો સ્વીકારવા સ્પષ્ટ ઇન્કાર કર્યો છે.

આ પ્રકારની સૈધ્ધાંતિક ભૂમિકા નિભાવવાની સાથે પ્રકાશનના આર્થિક ઢાંચાનું સંતુલન પણ સચવાવું જોઇએ. એ દૃષ્ટીએ ૩૧ માર્ચ ૨૦૧૫ નાં પૂરા થતા ગત આર્થિક વર્ષમાં પ્રકાશ-સમીક્ષાએ આવક કરતાં જાવકમાં લગભગ રૂપિયા ૭.૫૦ લાખનો તોટાડો નોંધાયો છે. તેથી જ્ઞાતિજનોને માહિતગાર કરવાની સાથે હવે જાહેરાતના દરોમાં સમુચિત વધારો કર્યા સિવાય અન્ય વિકલ્પ રહેતો નથી. તે પરિસ્થિતિનો સ્વીકાર કરવા જ્ઞાતિજનોને આથી વિનંતી કરીએ છીએ.

**આથી આગામી ૧ લી મે થી (અંક નં. ૧૮ થી) જાહેરાતનાં દરો**
**નીચે મુજબના રહેશે તેની નોંધ લેવા વિનંતિ છે**

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1500/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામાં ઓછા પા પાનાની અને ઓછામાં ઓછી ૮ વખત એ રીતે (૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ

૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ

૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ

આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઇચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

**શ્રી વરાડીયા ટ્રસ્ટ : વચન પૂર્તિ માટે વિનંતી**

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ દ્વારા વરાડિયાવાસી જ્ઞાતિજનોને શિક્ષણ સહાય, પંચવાર્ષિક યોજનામાં ફાળાની, વચનપૂર્તી કરવા વિંનતી.

જે વિદ્યાર્થીઓ લોન લઇને અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેઓ સત્વરે લોન પરત કરે. જેથી બીજી અરજીઓ પાસ કરવા સગવડતા રહે જરૂરતમંદ ગ્રામવાસી જ્ઞાતિજનોને શિક્ષણ સહિત અપાય છે. દેરાસરજીનું જીર્ણોધ્ધાર કાર્ય ચાલુ છે.

**કાવ્ય પ્રકાશ : મુંઝો અબડાસો વતાંઇયાં...**

હલ હલરે..હલ હલરે...યાત્રી અબડાસો વતાંઇયાં.
અબડાસો વતાઇયાં ભવ્ય પંજતિથિ કરાંઇયાં
હલ હલરે..હલ હલરે...કે.ડી.ઓ.જી શાન વતાઇયાં.
શેઠ કેશવજી ને નરશી નાથાજો વ્હાલો વતન વતાઇયાં
સિંધુજા પાણી પીધેલ સરહદી ભોમકા ભમાઇયાં
હલ હલરે..હલ હલરે...દશેજી ભોમકા વતાઇયાં.
હલ હલરે..હલરે...કોઠારે શાંતિનાથ ભેટે પઠાપીર તે પોજાઇયાં.
સુથરીજા પારસ પૂજે ભલારાદાદા ભેટાઇયાં
હલ હલરે..હલરે...જખૌ બંદર વતાઇયાં મીઠેજા અગર વતાઇયાં.
રત્નટૂંકજા પ્રભુ મહાવીર વતાઇયાં
હલરે..હલ હલરે અબડાશેજી માંતાએંજી સ્થાન વતાઇયાં.
હલ હલરે..હલરે...તેરેજા જીરાવલ્લા ઝુહારે,
લાટલાટ પેડાને ગોબિત ખારાંઇયાં
વડે વડે તરાએંતે પખીએંસેં મલાઇયાં
હલરે..હલ હલરે યાત્રી મોરલેજા ટહુંકા સોણાઇંયાં
હલ હલરે..હલ હલરે...ચંદ્રપ્રભુકે નમી નીલયેમેં કવિ તેજસે મલાઇયાં
વણઝારેજી વાટૂ ને પવનચક્યું વતાઇયાં
હલરે..હલ હલરે ભા નાડેજા વિમાન વતાઇયાં
ભારત જી...શાન વતાઇયાં...
(Bhanado is India's No. Underground air Force Stn.)

**ધર્મેન્દ્ર રતીલાલ નાગડા, ખમા ધર્મેન્દ્ર નાગડા** (માટુંગા, જખૌ)


**જય શ્રી સચ્ચાઇમા**

## ખોના કુળગોત્રના શ્રી સચ્ચાઇમાંનું સ્થાનક

### ખોના ફળિયા, નલિયા - કચ્છ

શ્રી સચ્ચાઇમાંની સમુહ પેડી 'આષાઢીબીજ' તા. ૧૮-૦૭-૧૫
શનિવારના સવારના રાખવામાં આવેલ છે.
પહેડી પ્રસાદના લાભ લેવા સૌ ભાવિકોને પધારવા વિનંતી.
સ્થાનકે પધારનાર સૌ ભાવિકોએ ઉતારાની જાતેજ વ્યવસ્થા કરી લેવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| શ્રી ચેતન માણેકચંદ ખોના... | ગોરેગાંવ | - | 09324461894 |
| શ્રી ચીમનલાલ હીરજી ખોના... | માટુંગા | - | 09821069255 |
| શ્રી લીતેશ હીરાચંદ ખોના... | ડોંબીવલી | - | 09619493472 |
| શ્રી ફાલ્ગુન લખમશી ખોના... | ભાંડુપ | - | 09820620499 |
| શ્રી અમીત જેઠાલાલ ખોના... | ડોંબીવલી | - | 09321705511 |
| શ્રી માતાજીના ભુવાશ્રી લલીત કુંવરજી ખોના... | ડોંબીવલી | - | 09920403950 |

## કષ્ટદાયક તકલીફો માટે સરળ નુસ્ખા અને ચમત્કારિક આરામ...

ડૉ. વીરચંદ લખમશી નાગડાMBBS (મુંબઇ) 9757303562

આજે વિજ્ઞાને આરોગ્ય ક્ષેત્રે ઘણી શોધો કરી, આગવી દવાઓ, તપાસો અને ઈલાજમાં અધતન સુધારા કર્યા છે; પણ આપણાં વડીલો જે ઘરગથ્થુ (ડોશીમાનું ઈલાજ વૈદું) અપનાવી કેટલાક દર્દોથી રાહત મેળવતાં એ સરળ ઈલાજ આપણે પણ જરૂર કરીએ. ઓછો ખર્ચ, ના કોઈ આડઅસર... તેનાથી ઉત્તમ શું??

૧. **દાંત દુ:ખતા હોય,** હલતાં હોય, દાંત-પેઢાંમાંથી રસી નીકળતી હોય તો તલના તેલના નિયમિત કોગળા કરવાથી ફાયદો થાય છે, પાયોરિયા મટે છે. બે ચમચી જેટલું તેલ મોઢામાં લઇ ૧૦ થી ૧૫ મિનિટ મોંમાં ફેરવવું, પછી ફેંકી દેવું. તલના તેલનો એક જ કોગળો સડેલા દાંત અને પેઢાંને નવજીવન બક્ષે છે. ઉપરાંત તલના તેલના કોગળા નિયમિત કરવાથી શરીરનું ઝેર નીકળી જાય છે અને ઘણી બિમારીઓમાં ફાયદો થાય છે. નિયમિત ન થઇ શકે તો અઠવાડીયે એક-બે વાર કરવાથી પણ ચોક્કસ ફાયદો થાય છે.

૨) **દાંત પીળા થઇ ગયા હોય** તો થોડો ખાવાનો સોડા અને મીઠું ભેગું કરી દાંતે ઘસવાથી દાંત સફેદ થાય છે. હળહર અને સરસવનું તેલ મેળવીને ઘસવાથી પણ દાંત સફેદ થાય છે અને દાંત હાલતા બંધ થાય છે તથા દાંત મજબૂત થાય છે.

૩) **હળદર, મુલતાની માટી** અને ગુલાબજળ ભેગું કરી એક ફેસપેક બનાવી ચહેરા પર લગાડવાથી, **ચહેરા પરના કાળા દાગ દૂર થાય છે.** ઉનાળામાં મુલતાની માટી ૧ચમચી, ચંદન પાવડર ૧ ચમચી, ઔષધીય કપુર  તેમાં થોડું ગુલાબજળ અને પાણી મિક્સ કરી, આંખની આજુબાજુમાં વર્તુળકાર છોડી આખા ચહેરા પર લગાડવું. બિલ્કુલ સુકાયા બાદ પાણીથી ધોઇ લેવું - ચહેરા પર તાજગી જણાશે, ત્વચા સ્વચ્છ થશે અને ફોડી, દાગ દૂર થશે.

૧ ચમચી કોથમીરના રસમાં ૧ ચમચી હળદર મેળવીને ચહેરા પર લગાડવાથી કાળા દાગ, ખીલ, **ત્વચાની શુષ્કતા દૂર થાય છે** તેમજ ચહેરા ચમક વધે છે..

હળદરને દૂધમાં મેળવીને શરીર પર લગાડવાથી શરીરની ગંધ દુર થાય છે ત્વચાની અંદરથી સફાઇ થાય છે.

૪. પ્રસાધનોમાં સુગંધી દ્રવ્ય, આલ્કોહોલ અને તૈલી પદાર્થ ભેળવવામાં આવે છે. આવા પદાર્થોથી વાસ ઢાંકી શકાય છે પરંતુ આ પદાર્થોને લીધે ચામડીપર એલર્જી થઇ બળતરા થાય છે, ત્વચામાં લાલાશ, સોજા આવી તેમાંથી ખરજવું થઇ શકે.

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

**શરીર પરનો અને પીઠ પરની કાળાશ દૂર કરવા** માટે લીંબુના ટુકડાને ઘસી, ૨૦ મિનિટ રાખ્યા બાદ ઠંડા પાણીથી ધોઇ લો. આમ મહીનામાં બેવાર કરવાથી કાળાશ દૂર થશે અને ત્વચા કાંતિવાન થશે.

૫. **ખડખડાટ હાસ્યથી** પીચ્યુટરી ગ્રંથીમાંથી એડિનો કોર્ટીકો ટ્રોફીક (ACTH) હોર્મોન ઝરે છે જેના પરિણામે શરીરમાં એન્ડોર્ફીન નામનું તત્વ વધે છે. જે પીડાનાશક તત્વ હોવાથી, દુઃખાવામાં રાહત થાય છે. ખુલ્લા મનથી હસવાથી મન **હળવું બને છે; ટેન્શન દૂર થાય છે;** દિવસભર **પ્રસન્નતા રહે છે;** રાત્રે સારી ઉંઘ આવે છે અને ઘણી બિમારીઓથી દૂર રહેવાય છે. પરંતુ હાસ્ય ઉપરછલ્લું કે કૃત્રિમ ન હોવું જોઇએ. કોઇને મળતી વખતે મોં પર આનંદભર્યું સ્મિત આવી જવું એ આપણને અને મળનારા વ્યક્તિને બન્નેને સુખી અને સ્વસ્થ બનાવે છે. હસમુખા લોકો સમાજમા સ્વાસ્થયની હવા ફેલાવે છે.

૬. નવી અને જુની જીવલેણ બિમારીનો એક બહુજ સરળ અને સાદો ઉપચાર એટલે **પાણી પ્રયોગ.** વડીલોએ અગાઉથી અપનાવ્યું છે અને વૈજ્ઞાનીકોએ પરિક્ષણ કરી સારા પરિણામ જોયા છે. આ પાણી-પ્રયોગથી માથાનો દુઃખાવો, બ્લડપ્રેશર, કોલેસ્ટ્રોલ, કફ, લીવરને લગતા રોગ, પેશાબની બિમારી, એસીડીટી, ગેસ, કબજીયાત, હરસ, આંખની બિમારીઓ વગેરે મટી છે. સવારે મોઢું સાફ કર્યા પછી નરણે કોઠે ૨ થી ૩ ગ્લાસ (ફાવે મુજબ પ્રમાણ) હુંફાળુ (નવસેકું) પાણી પીવું. આ પાણી પ્રયોગ એટલે ના કાંઇ ખર્ચ...ના કાંઇ આડઅડસર.


શુભેચ્છા સહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.


૭. **નસકોરી ફૂટે તો અરડૂસીના પાનના** રસના ૩ થી ૪ ટીપાં નાકમાં નાખવાથી નસકોરી બંદ થાય છે તેમજ અરડૂસીના પાન રસ કે અરડૂસી કફ સિરપ / અડુલસા / વાસા ૧-૧ ચમચી ત્રણ વખત થોડા વખત માટે લેવાથી કાયમી તકલીફ મટે છે. તરતજ ઉપાય માટે બરફનો ટૂકડો માથે, કપાળે, ગરદન પર ફેરવવાથી કે તાળવા પર ઠંડા પાણીની પાડવાથી નસકોરી બંદ થાય છે.

**અરડૂસીના તાજા પાન** ધોઇ, કુકરમાં મૂકી આડલાની જેમ બાફી ચોખ્ખા કપડાના મૂકી રસ કાઢવો. પછી રસમાં અડધી વાટડી સાકર અને મળે તો ધરાનો રસ થર વાટકી ઉમેરી પીવું આ પ્રયોગથી કોઇપણ રક્તસ્ત્રાવ કે પરચ્યુરા (લોહી વહન થતું હોય તેવી બિમારી) માં ખૂબ ફાયદો કરે છે.

૮. આતિ વધુ ચાલ્યા હોઇએ કે જાત્રાઅર્થે પહાડ ચઢ્યા હોઇએ, પગના ગોટલા ચડી ગયા હોય ત્યારે મોટી બાલ્દીમાં સહન તેવું ગરમપાણી લઇ તેમાં મૂઠીભર આખું ‘મીઠું’ નાખી તેમાં થોડું સમય પગ ડુબાડીને બેસવાથી ખૂબજ આરામ થાય છે. ધાક ઉપરી જાય છે; અને સ્નાયુ ખેંચાવા જેવી કોઇ તકલીફ થતી નથી.

સાંધા દુઃખતા હોય, ગરદન જકડાઇ ગઇ હોય કે સંધિના દર્દ હોય ત્યારે સરસિયાના તેલમાં કપૂર મેળવી માલિશ કરવા રાહત થાય છે.

**નલિયા લોડાયા ફળીયા સ્થિત**
**શ્રી સચ્ચાઇમાની ફેર સ્થાપના વિધિ**

નલિયા લોડાયા ફળિયા સ્થિત શ્રી સચ્ચાઇ માતાજીની ફરે-સ્થાપનાની વિધિ અષાઢી બીજ શનિવાર તા. ૧૮-૦૭-૨૦૧૫ના નલિયા મધ્યે સવારે નિર્ધારિત કરેલ છે તો સર્વે ભાવિકોને પધારવા વિનંતી.

**સંપર્ક :** જ્યોત્સનાબેન : 08192231283




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## ANGEL GROUPS.

*TILAKCHAND LODAYA (Chennai)*
Email :ourbrotherhood@yahoo.co.in
Mob.: 099406 36646

**FEW ILLUSTRATIONS OF THE ACTIVITIES OF THE ANGEL GROUPS. APART FROM THE INITIAL CONTACT, FAMILIARISATION AND ASSESSMENT OF THE NEEDS OF THE STARTUP FAMILIES, FOLLOWING ARE THE ILLUSTRATIONS OF SOME OF THE ACTIVITIES WHICH COULD BE UNDERTAKEN BY AN ANGEL GROUP:-**

1. THE GOVERNMENT ETC. SOURCES, INCLUDING KDO SOCIAL SECURITY SCHEME AND EDUCATING THEM THE IMPORTANCE AND USE OF THEM;
2. HEALTH INSURANCE NEEDS OF THE FAMILY AND THE BENEFITS TO BE OBTAINED FROM THE GOVERNMENT ETC. SOURCES, IN CLUDING VARIOUS SOCIAL SCHEMES AND EDUCATING THEM ABOUT THEIR IMPORTANCE ;
3. FINDING APPROPRIATE AND BETTER JOB OR BUSINESS OPPOR TUNITIES TO AUGMENT THE INCOME OF THE FAMILY
4. IMPARTING TRAINING TO THE LADIES OR GENTS OF THE IN OPERATING SYSTEMS AND LEARNING FEW PACKAGES AND FINDING GAINFUL EMPLOYMENT FOR THEM TO AUGMENT THE FAMILY INCOME;
5. UNDERSTANDING THE EDUCATIONAL ENVIRONMENT AND RE QUIREMENTS OF THE CHILDREN OF THE FAMILY, FINDING THE SOURCES OF AID AND OTHER REQUIREMENTS FOR SCHOOL, TUITIONS AND COACHING AND FINANCE FOR THEM FROM THE COMMUNITY INSTITUTIONS AND GOVERNMENT;
6. BETTER INVESTMENT AVENUES FOR THEIR SAVINGS;
7. SOLUTIONS FOR THEIR INTERPERSONAL CHALLENGES;
8. THEIR INCOME TAX MATTERS AND SOURCES FOR GENERAT ING MORE INCOME ;
9. IMPROVING THEIR LIVING CONDITIONS;
10. SEARCHING FOR AFFORDABLE HOUSING SOLUTIONS;
11. FINDING CHEAPER SOLUTIONS FOR THEIR MEDICAL NEEDS;
12. ORGANISING OF OUTINGS FOR THEIR CHILDREN BY ONE OR MORE ANGLE GROUPS;
13. ARRANGEMENT OF THEIR ETHICAL AND MORAL EDUCATION IN JAINISM;
14. ARRANGING THEIR CONSUMER DURABLE NEEDS LIKE FRIDGE, TV ETC. FROM PRE-OWNED SOURCES.
15. LOCATING THEIR CLOSE RELATIVES AND EXPLORING THE POSSIBILI TIES OF ASSOCIATING THEM.
16. SEEKING THE HELP OF KDOS ON THE BASIS OF THE VILLAGE IN KUTCH;
17. MOTIVATING THEM TO PARTICIPATE IN COMMUNITY ACTIVITIES;
18. ARRANGING ONCE OR TWICE IN A YEAR GATHERINGS OF STARTUP FAMILIES FOR EXPERIENCE SHARING;
19. WRITING THEIR VIEWS IN COMMUNITY MEDIA AND CULTIVAT ING READ ING HABIT IN THE FAMILIES.
20. ARRANGING MEETINGS WITH ACHIEVER KDOS WHOSE LIFE STORIES ARE FROM RAGS TO RICHES.

## શ્રી અખિલભારત અચલગચ્છ (વિધીપક્ષ) શ્વે.જૈન સંઘનો સમુહ વર્ષીતપ રજત પારણા મહોત્સવ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘનો સમૂહ વર્ષીતપ રજત પારણા મહોત્સવ શ્રી કલ્પેશ માણેકજી મોતાના કન્વિનર પદે કામ કરતી સમૂહ વર્ષીતપ પારણા સમિતિ દ્વારા ઘાટકોપર પૂર્વના સોમૈયા ગ્રાઉન્ડ નં. ૪/૫, એમ.જી.રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઇ - ૭૭ ખાતે તા. ૨૧-૦૪-૧૫ ના સવારના આયોજીત કરેલ છે.

## જ્ઞાનેંશનો સંવેદનારૂપી કાવ્યસંગ્રહ

શ્રી જ્ઞાનેશ જયચંદ લાપસિયાએ મરીન ડ્રાઇવ ખાતેની પાટણ જૈન મંડળ સંસ્થામાં ૩૩ વર્ષ સુધી એકધારી સેવા આપી. મરીન ડ્રાઇવના કિનારે આવેલા વાતાવરણમાં પાળીએ બેસી તે કુદરતના દર્શન કરતાં તેમના મનમાં ઉમંગ ઉભરાતો. આ નાનકડા કવિનું હૃદય એકદમ સંવેદનાઓથી ભર્યું રહેતું. કવિની આંખોમાં ઝીલાયેલી કુદરતની છબીઓ તેમના હૃદય પટલ પર અંકિત થઇ, કાવ્યરૂપી શબ્દોમાં કંડારાયેલી કવિતાઓનો સંગ્રહ તે સંવેદના. તેમના કાવ્યો મન ભરીને માણી શકાય તેવા ખરા. જ્ઞાનેશના કવિ હૃદયને સો સલામ.

**કુલીનકાંત ચાંપશી લુઠીયા**

UP TO
From 15 April
20 % Discount
ON READY STOCK

અવસર સારીઝ
દાદર

- કસબ-જીંક કસબ સાડીઓ
- કસબ-જીંક કસબ ચણીયા ચોલી
- પીટા વર્ક સાડી
- બટકસબ સાડી
- બોર્ડર
- બાંધણી

રિચલ ઘરચોળા વ્યાજબી ભાવે મળશે.

અવસર સારીઝ
૧, રૂપલ એપાર્ટ., દાદા સાહેબ ફાલકે રોડ, સાધના હોટેલની સામે, દાદર (ઇ.), મુંબઇ ટે. 2416 4239
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)

## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

**શૈ. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ (જુન, ૨૦૧૫) થી જામનગર મધે કન્યાછાત્રાલયમાં પ્રવેશ મેળવવા બાબત :**

ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં જ્ઞાતિની દીકરીઓને અનુક્રમે કન્યાછાત્રાલયમાં નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

જામનગર સ્થિત કન્યાછાત્રાલયમાં આગામી શૈ. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ (જુન, ૨૦૧૫) થી ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં દાખલ થવા ઇચ્છતા જ્ઞાતિના દીકરીઓને અને એમના વાલીઓને આથી જાણ કરવામાં આવે છે કે દાખલ થવા માટેના મુકરર અરજી પત્રકો મુંબઇ તેમજ જામનગર કાર્યાલય પરથી નિ:શુલ્ક મળશે.

અરજી પત્રકમાં પુરે પુરી વિગતો ભરી તથા તે સાથે રૂા. ૫૦ (પચાસ) પુરા દાખલ ફીના તથા વાર્ષિક પરીક્ષાના પરિણામની બે (૨) પ્રમાણીત નકલો જોડી **અરજીપત્રકો મુંબઇ કાર્યાલય પર તા. ૧૦ મી મે, ૨૦૧૫ સુધીમાં મોકલી આપવાના રહેશે.**

**-: અરજી પત્રક મેળવવાનું સ્થળ :-**

**મુંબઇ સંપર્ક :-**
C/o. **Ashok Manilal Dand,**
Khushbu Dye Chem,
99, New Unique Ind. Estate,
Opp Jawahar Cinema, Dr. R. P. Road,
Mulund(W), Mumbai-400 080. Tel : 2593 9696
**સમય : સાંજે ૪ થી ૭ કલાક**

**કન્યા છાત્રાલય :-**
કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩,
એરોડ્રોમ રોડ, જામનગર - JAMNAGAR
ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦
શ્રી મનોજ ખોના - ૯૮૨૪૨ ૨૬૬૫૫

## પાંચમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જન્મ
૨૨-૦૪-૧૯૩૭
તેરા-કચ્છ



અરિહંત શરણ
૨૮-૦૪-૨૦૧૦
વડોદરા-ગુજરાત

**સ્વ. (અ.સૌ.) મણિબેન ધનજી રતનશી ગોશર**

કચ્છ - બાયઠ

આજ આપની વસમી વિદાયને પાંચ પાંચ વર્ષના વહાણાં વહી ગયા છતાં આપની યાદ ભૂલાતી નથી. આપનું પરોપકારી જીવન, સદાય હસતો ચહેરો, મિલનસાર અને લાગણીશીલ સ્વભાવ, ધર્માનુરાગી એવા આત્માને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. આપનો દિવ્ય આત્મા પરમપદ પામે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

ધનજી રતનશી ગોશર (બાયઠ-મુલુન્ડ) સમસ્ત પરિવાર
મુલજી શિવજી સામંત ખોના (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર
કલ્યાણજી મુલજી લોડાયા (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર
ખેતશી શામજી ખોના (સુજાપર-બેંગલોર) સમસ્ત પરિવાર

જયશ્રી-રિતેશ, પ્રાપ્તિ-ભાવેશ-ગુંજ-મેહેર, નિપિત-કિંજલ-સ્પર્શ
મીના-હંસકુમાર-પરીષ-સચિન, ભદ્રા-નરેશ-વૃષ્ટિ,
જલ્પા-હિમાંશુ-આર્યન, પુજા-જય-દર્શન-પૂર્વ, મનાલી-મિહિર

## અબડાસામાં નાં સ્થાન

**બાંઠીયાથી ૬. કી.મી. ઉરતિયા ગામે** ૨૫૦ વર્ષ પહેલાનું વાછરાદાદાનું મંદિર છે તે મૈશેરી પરિવારે બનાવેલ છે.

**સુથરી - સાંધણ** ની વચમાં ખુડો ગામે આશરે ૨૫૦ વર્ષનું વાછરાદાદાનું મંદિર નાગડા પરિવારે નવનિર્મિત બનાવેલ છે.

**રાપર-પીંગલેશ્વર** અને દરિયાની વચ્ચે **સિંધોડી** ગામે ૩૦૦ વર્ષનું જુનું વાછરા દાદાનું મંદિર છે.

**વરાડીયા ગામે** એક બંદ દુકાનમાં વાછરાદાદાનાં ત્રણ ઘોડા મળી આવેલ છે. ૨૫૦ વર્ષ પહેલાં ડાઘા પરિવારે બેસાડેલ છે. થોડા દિવસમાં દાદાનું નવનિર્મિત મંદિર બનાવવામાં આવશે.

## અનેક જ્ઞાતિજનોને સામાજિક સુરક્ષા યોજનામાં પ્રેરિત કરનારા રાયચંદભાઇને શ્રધ્ધાંજલી



શ્રી રાયચંદ હંસરાજ ધરમશી કે.ડી.ઓ. વેલ્ફેર અસોસીએશનનાં પેટ્રન મેમ્બર હતા. તેમણે ઘણા જ્ઞાતિજનોને સામાજિક સુરક્ષા યોજના માટે પ્રેરિત કર્યા હતા. તેમની ભાવભિની આદરાંજલી

**કે.ડી.ઓ. વેલ્ફેર અસોસીએશન**

## દાનશૂર સુશ્રાવકશ્રી. રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી - વરલી) ને ભાવાંજલિ



### ફાગણસૂદ ૧૩ના મોટી યાત્રા આરંભનાર સુશ્રાવક રાયચંદભાઈની ઉચ્ચગતિ નિશ્ચિત છે.

"રંક માંથી રાય' બની રંક જ્ઞાતિજનો માટે ચાર હાથે વરસેલા રાયચંદભાઈ દાનેશ્વરી તરીકે અનેકાનેક હૃદયે આદર અને અહોભાવનું આસન બીછાવી ગયા. પથારીની પીડા ભોગવ્યા વીના, સ્વજનોને પણ જરીય તકલીફ આપ્યા વગર હસતા હસતા મૃત્યુને મહોત્સવ બનાવી ગયા. જતા જતા પણ સંખ્યાબંધ પરિવારજનોને શ્રાવક આરોગ્યંમ્ જેવી જાજરમાન ભેટ આપી એકલા, એકલા ફાગણ તેરસની યાત્રા કરવાને જાણે સિધ્ધાચલ  તીરથે સિધાવી ગયા!

કલેજા અને કરૂણાથી કરોડોનું દાન સામાજીક, ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે આપી અનોખો ઈતિહાસ સર્જાવી ગયા.!

તેઓશ્રીએ મહાવીર ની કરૂણા કાળજે કંડારી કર્તવ્યની કેડીને કામયાબ બનાવી હતી. મહાજન, ટ્રસ્ટ અને સંખ્યાબંધ સંઘો માટે "બાપા"ની વિશ્વાસનો વિરામ હતા. આપ્યાનો માપ નહીં, આંક નહી, જરૂરત બોલો? કેટલું આહલાદક આવું તો બાપા જ કરી ગયા.

મોટી દેન તો એ રહી કે તેઆશ્રી અહિંસક લક્ષ્મીના દાતારી હતા. સમાજનું એવું કોઈ ખેતર બાકી ના રાખ્યું જ્યાં સુકૃતનું ખેડાણ ના કર્યું હોય.

તેઓશ્રી નિશ્ચય અને વ્યવહારના આત્મા હતા,

"મૈત્રી કરૂણા અને પ્રમોદ" ના આંતર સમૃદ્ધિથી છલોછલ આત્મા હતા. તેઓશ્રીનું કોઈ પણ નાથ પ્રસંગે આવવું કે પધારવું શાતા સમતા અને શાંતિ દાયક સાબીત થતું. નાત ઉત્થાન માટે તેઆશ્રીનું હર અભિયાન યજ્ઞ થઈને રહ્યું. સ્વજીવન કર્મકાંડ સાથે કરૂણાના કાર્ય કામયાબ બનાવ્યા. કોઈ પણ સંસ્થાના પદાધિકારી, તેઓશ્રીને મળે તો, મનને મોકળાશ હૈયાને હળવાશ અને અરમાનોનો અવકાશ મેળવે જ. અનંતનાથ દાદા તેઓશ્રીના 'રાય' આત્માને પંચમગતિમાં સ્થાન આપે એવી સંવેદનાની શ્રદ્ધાંજલિ.

**લહેરચંદ વેલજી મૈશેરી** ભાંડૂપ.

### શ્રી રાયચંદ હંસરાજ ધરમશી જ્ઞાતિના ઈતિહાસમાં છેલ્લા ૬૦ વર્ષમાં કરેલા દાનથી પ્રેરણારૂપી સ્થંભ બની ગયા છે

જે વ્યક્તિ ધર્મના માર્ગે શિક્ષણના માર્ગે, આવાસ યોજનાના માર્ગે, કુટુંબીઓને મદદ કરવામાં તેમજ પાલીતાણાની વૈય્યાવચ્છ ધર્મશાળા, જીવન સંધ્યા, કન્યા છાત્રાલય, બોર્ડીગ જેવી સંસ્થાઓને, દિલ મુકીને દાનની ગંગા વહેરાવી છે તે અજોડ છે.

પૈસાપાત્ર (યજમાન બનવું સહેલું છે પણ પ્રભાવના કરવી અઘરી છે. તેમણે દરેક સંસ્થાને તરતી કરી છે. જેનાથી હવે - ગુરૂ ધર્મની પ્રભાવનાથી પુણ્યનુંબંધી પુણ્ય બાંધીને આપણને પ્રેરણા આપી છે. કરેલા દાન ને સંસ્થામાજ યાદ કરે તે આકાશનાં 'તારા' બની જાયછે.

**શ્રી કસ્તુરચંદ વેલજી લોડાયા**

(કચ્છ સાયરા) હાલ દેવલાલી.


અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર
• બાંધણીઓ મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨.
Tel. : 22413995 / 22402786
સરનામું : ૨૮, ગની મેન્સન, શૉપ નં ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.)
કિંગ સર્કલ, મુંબઈ -૧૯ ફોન નં-2404 3995/93222 58574

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પ્રતિષ્ઠીત ગીરનાર ઍવોર્ડથી તાજેતરમાં પુરસ્કૃત થયેલ વિમા ક્ષેત્રના બેતાજ બાદશાહ એવા શ્રી બીપીનભાઈ નાગડાને ખુબખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ
*તન - મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### છત્તીસગઢ કચ્છી જૈન સંઘના પદાધિકારીઓ.

છત્તીસગઢ કચ્છી જૈન સંઘના તા. ૧-૪-૧૫ થી ૩૧-૩-૧૮ ના પદાધિકારી તથા કારોબારી સભ્યોની તા. ૨૨-૩-૧૫ના આયોજિત સભામાં વરણી થઇ : અધ્યક્ષ - શ્રી તરૂણ શીવજી લોડાયા, ઉપાધ્યક્ષ - શ્રી હરીશભાઇ જવેરચંદ લોડાયા, સચિવ - શ્રી પ્રવિણભાઇ માણેકજી મૈશેરી, સહસચિવ - શ્રી ધવલભાઇ મહેન્દ્ર લોડાયા, કોષાધ્યક્ષ - શ્રી રાયચંદભાઇ લખમશી લોડાયા

**ટ્રસ્ટીગણ** : શ્રી ભવાનજીભાઇ હીરજી શિયાડ, શ્રી કુલીનકાંત ખેતશી જીવાણી, શ્રી ખીમજીભાઇ નેણશી મોતા (ભાટાપારા), શ્રી ચંદ્રકાંત મેઘજી મોતા (ભિલાઇ), શ્રી ભુપેશભાઇ ઉમરશી શિયાડ (ધમતરી)

**કાર્યકારિણી સદસ્ય :** શ્રી મનહરભાઇ ચત્રભુજ શિયાડ, શ્રી સુર્યકાંતભાઇ લખમશી મૈશેરી, શ્રી ભુપેન્દ્રભાઇ ગોવિંદજીભાઇ મોમાયા, શ્રી રતનભાઇ ચાંપશી નાગડા, શ્રી વિજયભાઇ શીવજી લોડાયા, શ્રી હિતેશભાઇ મોતીચંદ શિયાડ

**મહિલા આમંત્રિત** : શ્રીમતી મંજુલાબેન કુલીનકાંત જીવાણી, શ્રીમતી પ્રીતિબેન પ્રવીણ મૈશેરી, શ્રીમતી કલ્પનાબેન ચેતક શાહ

**સ્થાયી આમંત્રિત :** શ્રી પ્રમુખ/સચિવ શ્રી છ.ક.દ.ઓ જૈન યુવા મંડળ, શ્રી પ્રમુખ/સચિવ શ્રી કુન્થુનાથ જૈન મહિલા મંડળ

### હાલારના ધરમશી પરિવારની પહેડી

ધરમશી નુખના રંગપૂર, સેવક ભરૂડીયા અને મોટી ખાવડી ગામના ધરમશી નુખના પરિવારોનાં પ.પૂ. સકટમાં તથા પ.પૂ. સુરાપૂરા દાદાની પહેડી રવિવાર તા. ૮-૨-૧૫ના રોટરી કલબ હોલ, ડોમ્બીવલી (પૂર્વ) મુકામે કુળદેવી પ.પૂ. સકટમાંના ભૂઇમાં અ.સૌ. પ્રવીણાબેન રાજેશભાઇ ધરમશી તથા પ.પૂ. સૂરાપૂરા દાદાના ભુવા શ્રી વિનોદભાઇ શીવજી ધરમશીના માર્ગદર્શનમાં ઉજવાઇ હતી.

પહેડીના દાતા માતુશ્રી દેવાબેન ગાંગજી ડાયાભાઇ ધરમશી પરિવાર હતા.

શ્રી નીતીનભાઇ ખેતીયા અને તેમની પાર્ટીએ માતાજીના ભક્તિ ગીતો, પ્રસાદ, થાળ, આરતી વગેરે ગાઇને સંગીતમય રંગત જમાવી હતી.


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**


### અમદાવાદમાં ધાર્મિક આયોજનો

શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ ચૈત્રી બીજની ઉજવણી કરવામાં આવેલ. શ્રી અચલગચ્છ અધિષ્ઠાયીકા શ્રી મહાકાળી માતાજીની ભાવના (દાતા શ્રી નારાણજી નરશી લોડાયા પરિવાર) તથા શ્રી ભલારાદાદાની સંધ્યા આરતી તેમજ શ્રી ઘણીબાવા તથા શ્રી ભલારા દાદાના સમૂહ પાઠનું આયોજન તા. ૨૨-૩-૧૫ ને રવિવાર ચૈત્ર સુદ બીજના દિવસે રાખવામાં આવેલ. આ વર્ષે શ્રી ઘણીબાવાના ભાવિકોએ બન્ને પાઠના દાતા તરીકેનો લાભ લીધેલ .

લગભગ ૩૦૦ જેટલા જ્ઞાતિજનોએ હાજર રહી શ્રી મહાકાળી માતાજીની ભાવના તેમજ સ્વરૂચી ભોજનનો લાભ લીધેલ.

### ચબૂતરા- યાત્રિક ભવનની રૂમ માટે દાન

ભુજ-ભચાઊ હાઇવે ઉપર આવેલા તિર્થભૂમિ જૈન ટ્રસ્ટ ના આંગણે પ.પૂજ્ય અચલગચ્છાધિપતિ શ્રી

### લગ્ન સંબંધી

રંગપૂરના પોલડીયા નુખના કોચીન રહેતા B.Tech ભણેલ, વેલ સેટલ, સિરામિક ટાઇલ્સનો બીજનેશ ધરાવતા યુવક, જન્મ : ૧૯૮૮, વજન ૭૦Kg, ઉંચાઇ પ.૪", માટે સુસંસ્કારી ભણેલી કન્યા જોઇએ છે.

**સંપર્ક** : મો. 09388606978.

ગુણોદય સાગર સુરી મ.સા. શિષ્ય પરિવાર સાથે પધારેલા ત્યારે પૂજ્ય સાહેબજી તથા પૂ. સાધ્વીશ્રી થી હંસગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી રૂ. પાંચ લાખનું દાન શેઠ શ્રી ધનસુખભાઇ નાનાલાલભાઇ શાહ પરિવાર તરફથી એક ચબુતરો તથા યાત્રિક ભવનની એક રૂમ માટે મળ્યું હતું. દાતા પરિવારનું સન્માન શ્રીમતી જયાબેન અનિલભાઇ સાંયાએ કર્યું હતું. ટ્રસ્ટના મેનેજર શ્રી અનિલભાઇ ડાઘા એ દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યા હતો.

## કે.ડી.ઓ સિનિયર સિટીઝન્સ ડીગ્નીટી ક્લબ યાત્રા પ્રવાસ

કે.ડી.ઓ. સિનિયર સીટીઝન્સ ડીગ્નીટી ક્લબના ૨૧ સભ્યો સોમવાર તા ૨૩-૩-૨૦૧૫ થી શનિવાર તા. ૨૮-૩-૨૦૧૫ ૬ દિવસ માટે પંચગીની મહાબલેશ્વર પૂનાના પ્રવાસે ગયા હતા.

તા. ૨૩ મીની સવારે ૨x૨ લક્ઝરી મીની બસમાં પાબલ પહોંચ્યા.

પાબલના સુંદર શ્રી પદ્મપ્રભસ્વામી દેરાસર તથા પ્રખ્યાત શ્રી મણીભદ્રનાં સ્થાનકનાં દર્શન કર્યાં.

પાબલથી ૧૦ કીમી પર આવેલ "જય મલ્હાર કૃષિ પર્યટન કેન્દ્ર" માં સ્પેસ મ્યુઝીયમ, ભારતભર માં આવેલ પ્રખ્યાત કીલ્લાના ફોટાઓનું પ્રદર્શન અને પપેટ શો જોયા. સેંકડો મોર ગેલ કરતા કળા કરતાં જોયા. પછી બાળદગાડીની સહેલ માણી ફોટા પાડ્યા.

રાત્રિ રોકાણ પંચગીનીના રાજલક્ષ્મી આરોગ્ય ધામમાં. તા. ૨૪મીની સવારે પંચગીનીના દેરાસરોમાં દર્શન / સેવાપૂજા, પ્રતાપગઢ ક્લ્લિા પર ભવાની માતાના મંદીરમાં દર્શન કર્યા.

તા. ૨૬મીના જુના મહાબલેશ્વરના મંદીરો અને ૭ નદીના ઉગમસ્થાને આવેલ મંદિરમાં દર્શન કર્યા. બપોરે માલા મેપ્રો અને અન્ય ફુડ પ્લાઝામાં ખરીદી કરી. ટેબલ લેન્ડ પરથી સર્યાસ્ત જોયો.

તા. ૨૭મી ની સવારે પૂના તરફ રવાના થયા. શ્રી શત્રુંજય ભક્તામર તિર્થમાં પછી કાત્રજના સુંદર દેરાસરમાં દર્શન/ચૈત્યવંદન કર્યુ. પૂનાના જૈન દેરાસર, સારસબાગના ગણપતિ, કૃષ્ણ મંદીરમાં દર્શન કર્યાં. તિર્થની ધર્મશાળામાં રોકાયા.

તા. ૨૮મીની સવારે તિર્થના બન્ને દેરાસર માં પુજા/ દર્શન કરી નજીક આવેલ દેરાસરમાં દર્શન કરી તલેગાંવ ગયા. શ્રી પાર્શ્વ પ્રજ્ઞાલય દેરાસરમાં દર્શન અને ત્યા બીરાજમાન આચાર્ય મહારાજ શ્રી વિશ્વ કલ્યાણ વિજયજીને વંદન કર્યા.

લોનવલામાં માટુંગા સંઘના શ્રી પાર્શ્વનાથજી દેરાસરમાં દર્શન ચૈત્યવંદન કર્યું. ત્યાંના વેક્ષ મ્યુઝીયમની મુલાકાત લાધી, ચીકી ખરીદી.

### શ્રી સાંધાણ ક.દ.ઓ. જૈન મહાજનની

વાર્ષિક સામાન્ય સભા - પ્રિતિભોજન આગામી રવિવાર, તા. ૨૬-૪-૧૫ ના સવારનાં ૧૦.૩૦ વાગે 'કાલિદાસ હૉલ' કાલિદાસ સંકુલ, પુરૂષોત્તમ ખેરાજ રોડ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૮૦. ખાતે રાખેલ છે.

### જયશ્રી અંબેમા

કચ્છ લાલા ગામમાં નાગડા પરિવારનો શુક્રવાર તા. ૧૭-૭-૧૫નાં સાંજના ૬ વાગે શ્રી ધણાબાવાતો પાઠ તથા અષાઢી બીજ શનિવાર તા. ૧૮-૭-૧૫નાં નાગડા પરિવારના કુળદેવી મા.શ્રી. અંબેમાની સમુહ પહેડી મંદિરમાં રાખેલ છે માટે ભાવિકો સમયસર પધારશેજી.

શ્રી માતાજીનો પહેડી પ્રસાદ તથા પાઠનો લાભ ભૂઇમા શ્રી અ.સૌ.પ્રભાબાઇ પ્રમોદ નાગડા લાલા-બુરહાનપુર તથા ભુવાશ્રી વિભય મણીકાંત નાગડા મીરારોડ-લાલા તરફથી છે લાભાર્થી પરિવાર તરફથી નાગડા પરિવાર તેમજ નિયાણી બહેનોને સહકુટુમ્બ પધારવા આમંત્રણ છે.

**આપના આગમનની જાણ કરશોજી**

| | |
|---|---|
| પ્રમોદભાઇ નાગડા | - 09039017250 |
| વિભય નાગડા | - 09004418009 |
| કુસુમકાંતભાઇ નાગડા | - 09322897342 |
| સોમચંદભાઇ નાગડા | - 09833816131 |
| પ્રફૂલભાઇ નાગડા | - 09322220204 |

## મહિલા સશકિતકરણ : પરંપરાના પ્રવાહમાં તરવાનું છે, ડૂબી જવાનું નથી.

**વનિતા**



**વિશ્વ**

૨૧મી સદીમાં મહિલા સશકિતકરણને કદી નહોતું અપાયું એટલું મહત્વ અપાયું છે, પણ સિક્કાની બીજી બાજુ એ છે કે ૨૧મી સદીમાં મહિલાઓ સામેના અપરાધો પણ કદી ન હતા તેટલા પ્રમાણમાં વધ્યા છે. વધ્યા છે એમ કહેવા કરતા એમ કહેવું જોઇએ કે બહાર આવવા લાગ્યા છે.

એકંદરે દરેક ક્ષેત્રમાં મહિલાઓ પ્રગતિનાં શિખર સર કરતી જાય છે, બીજી તરફ વ્યવહારમાં આ પ્રગતિ પોકળ અને ભ્રમ જેવી સાબિત થતી જાય છે. મહિલાઓ પર ઘરેલું હિંસા, વ્યવસાયિક કે જાહેર સ્થળે સતામણી અને અપકૃત્યોના બનાવોમાં ચિંતાજનક વધારો થતો જાય છે. શિક્ષિત અને સ્વનિર્ભર મહિલાઓ પોતે પણ આ પરત્વે દુર્લક્ષ કરીને જાણે અજાણે ભૌતિકવાદની દોડમાં સામેલ થઇ જાય છે.

ભારતીય સ્ત્રીઓના જીવનમાં મહાત્મા ગાંધી જે વ્યાપક ક્રાંતિ લાવ્યા હતા તેને યાદ કરતા તેમણે સ્ત્રી સશક્તિકરણ શબ્દ વાપર્યા વિના ચાર દિવાલમાં ગોંધાઇને જીવતી સ્ત્રીઓની શક્તિને ઓળખી, તેમને યોગ્ય દરજ્જો મળે તેવો આગ્રહ રાખ્યો અને સ્ત્રીઓની શક્તિને જાહેર કામોમા પ્રયોજી પણ ખરી. તે ત્યાં સુધી કે સ્ત્રીઓ પિકેટિંગ, સ્વાતંત્ર્યસંગ્રામ, જેલવાસ અને ભાગલા વખતના હુલ્લડો વખતે પણ સેવા આપવા જેવું સાહસ બતાવી શકી.

આજથી આઠ-નવ દાયકા પહેલા મહાત્મા ગાંધીએ ભરેલું આ પગલું અને મહિલાશક્તિએ તેને આપેલો પ્રચંડ પ્રતિસાદ એક મોટી પણ શાંત ક્રાંતિ હતી. એ વખતે ભણેલી અને જાહેર જીવનમાં આગળ આવેલી મહિલાઓ સાથે તેમણે સરખાવીએ ત્યારે ખ્યાલ આવે કે ગાંધી યુગની મહિલાઓએ જે કર્યું હતું તે સાચા અર્થમાં સશક્તિકરણ હતું. આજનું સશક્તિરણ દેખાય છે તે કરતાં ઘણું ઓછું નક્કર અને ઘણું વધારે આભાસી છે.

મહાત્મા ગાંધી પહેલાં પણ સુધારકો થયા હતા. તેમને સમાજમાં દબાઇ-કચડાઇને જીવતી સ્ત્રીઓની સ્થિતિમાં સુધારો લાવવાના પ્રયાસો પણ કર્યા હતા. પણ એ સુધારકોના મતે સ્ત્રીઓ અબળા અને અસહાય હતી, જેમને મદદની જરૂર હતી. ગાંધીજીએ સ્ત્રીને સબળા અને સામર્થ્યપૂર્ણ કહી અને સાબિત પણ કરી બતાવી. તેઓ કહેતા, સ્ત્રી પુરૂષનું રમકડું કે ભોગવટાનું સાધન નથી, તેમ તેની સ્પર્ધક પણ નથી. સ્ત્રી પુરૂષની સમાન કક્ષાએ છે. તેની સાથી છે. તે એ બધું જ કરે છે, જે પુરુષ કરે છે અને અહિંસા, ધૈર્ય, ક્ષમા, સહનશક્તિ અને સમર્પણમાં તો તે પુરૂષથી ચડિયાતી છે. સમાન અધિકાર અને સ્વતંત્રતાનો તેને હક છે.

જોકે તેઓ સમજતા હતા કે પોતાના આમ વિચારવાથી કે કહેવાથી સ્ત્રીઓની સ્થિતિ સુધરશે નહીં. તેથી ગાંધીજી એને માટેના વ્યવહારિક ઉપાયો પણ સૂચવતા. તેમણે જ કસ્તુરબાની પ્રસૂતિ કરાવી હતી. કસ્તુરબાની પીડા જોયા પછી તેમણે હવે પત્નીને આ સ્થિતિમાં ન મૂકવાનું નક્કી કર્યું હતું. બ્રહ્મચર્ય વ્રત લેવા પાછળ આ પણ એક મહત્વનું કારણ હતું.

ગાંધીજી માનતા કે સમાજનો વિકાસ ત્યારે જ થાય, જ્યારે તેના સમૃધ્ધ અને ગરીબ, ઊંચા અને નીચા, સ્ત્રીઓ અને પુરુષો બધા એકસાથે પ્રગતિ કરે. તેમણે સ્ત્રીઓને જાગૃત કરી, પ્રોત્સાહિત કરી અને રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લેવા પ્રેરિત કરી સ્ત્રીઓના શિક્ષણને તેઓ ઘણું મહત્વ આપતા અને કહેતા કે જો સ્ત્રીઓ પોતાની બૌદ્ધિક ક્ષમતાને શિક્ષણ વડે નહીં વિકસાવે તો તે સમાજ અને તેનામાં આત્મવિશ્વાસ કે આત્મગૌરવ નહીં જાગે તો તે એકપણ ક્ષેત્રમાં સ્વાવલંબી નહીં બની શકે.

દેશના આર્થિક સામાજિક અને રાજકીય વિકાસમાં સ્ત્રીની મોટી ભૂમિકા છે તેવું તેમણે વારંવાર અને ભારપૂર્વક કહ્યું હતું. ગામડાંની સ્ત્રીઓ આર્થિક યોગદાન આપી શકે તે માટે કાંતણ, હસ્તકળા અને ગૃહઉદ્યોગને પ્રોત્સાહન આપવું એ તેમના રચનાત્મક કાર્યોમાં અગ્રીમ સ્થાને હતું.

જે પરંપરા શોષિત અને ગુલામીને પોષતી હોય તે પરંપરા જડમૂળથી ઉખડી જવી જોઇએ તેમ તેઓ માનતા. ‘પરંપરાના પ્રવાહમાં તરવાનું છે, ડૂબી જવાનું નથી.’ બાળલગ્ન, વિધવાઓની અવદશા, દહેજ, પડદા-ઘુંઘટ, દેહવિક્રય વગેરે અપરાધો છે. તે વ્યક્તિને અને સમાજને માટે વિઘાતક છે. મહિલાઓની સ્થિતિ સુધારવા તેમણે ત્રણ પાસાં પર ભાર મૂક્યો હતો. (૧) શિક્ષણ )

૨) આર્થિક નિર્ભરતા (૩) સામાજિક માળખામાં પરિવર્તન. આ ત્રણે થાય ત્યારે સાચું પરિવર્તન થાય તેમ તેઓ કહેતા.

આમ મહાત્મા ગાંધી વખતના અને અત્યારના સ્ત્રી સશક્તિકરણમાં મોટો ફરક છે. એ વખતે મૂળભૂત અને પાયાના વિકાસ પર ભાર મુકાતો હતો. આજે વિકાસના બાહ્ય લક્ષણોની વિપુલતા છતાં કન્યાભ્રુણ હત્યા, દિકરી દીકરા વચ્ચે ભેદ, શિક્ષણમાં અવરોધ, નોકરી કરવાની મનાઇ, ઘરેલું હિંસા, જાતીય સતામણી અને બળાત્કાર જેવાં દૂષણો ફૂલેલાં ફાલેલાં છે.

આજે પણ વિશ્વની ૨/૩ મહિલાઓ અશિક્ષિત છે. એચઆઇવી/એઇડ્સ ને ‘વિમેન્સ ડિસિઝ’ કહેનારા ઓછા નથી. હુલ્લડો અને યુધ્ધોમાં સ્ત્રી ભાગ નથી લેતી છતાં તેમાં સૌથી વધુ સહન કરવાનું તેને આવે છે. મોંઘવારી અને ગરીબીમાં પણ સૌથી વધુ સહન કરવાનું તેને આવે છે. મોંઘવારી અને ગરીબીમાં પણ સૌથી વધુ હેરાનગતિ સ્ત્રીઓને થાય છે. અનેક સ્ત્રીઓ એક ટંક ખાઇને જીવે છે, અનેક કુપોષણથી પીડાય છે. જો સ્ત્રીઓ સશક્ત, સમર્થ, સ્વાવલંબી બને તો તેને પોતાને, તેના પરિવારને અને પૂરા સમાજને ફાયદો થાય તે વાત તેના પૂરા અર્થમાં આપણે ક્યારે સમજીશું?

**૨૭ વર્ષ પ્રમાણીકતાથી ખજાનચી રહેલા અમારા કાકાજી ની ૫૨ (બાવન)મી પુણ્યતિથીએ સ્મરણાંજલિ**
**અરિહંત શરણઃ વૈશાખ સુદ, અખાત્રીજ ૨૫-૪-૧૯૬૩**





**લી.સહ ધર્માચારણી સોનબાઇ શીવજી કુરૂવા પરિવાર**
અને તેમની પાંચ નિયાણી (ગામ : ગોધરા)
હિરજી નેણશી કુરૂવા (ગામ : ગોધરા)
પદમશી ઠાકરશી કુરૂવા (ગામ : ગોધરા)
મો. ૯૯૨૦૦૨૬૫૨૭

**૧૫મી પુણ્યતિથી એ ભાવાંજલિ**
**ગામ : (નલિયા) હાલ : કોચીન**
**વૈશાખ સુદ, સાતમ ૨૨-૪-૧૯૯૯**



**પુણ્યશ્લોકીઃ અમીત વિરેશ ખોના**
લી. નાનીમા સોનબાઇ શીવજી કુરૂવા પરિવાર
ગામ-ગોધરા હાલ- મુલુંડ (વેસ્ટ)
માસ–માસા, અ.સૌ. હિના ડો. રણધીર
ગામ-ગોધરા હાલ - મુલુંડ (ઇસ્ટ)
મો. ૯૯૨૦૦૨૬૫૨૭

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પ્રભાબેન પાસુભાઈ નાગડા** | ૧૧૦૩/બી, વિંગ, રાજયોગ રેસીડેન્સી, હિરજી નેણશી કમ્પાઉન્ડ, એમ જી. રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુબઈ - ૪૦૦ ૦૬૨ મો. ૯૩૨૪૧૧૭૭૬૯ |
| **ભરત પાસુભાઈ શાહ (નાગડા)** | રૂમ.નં.૪, ગોશ્રી નિવાસ, આરે રોડ, અંબામાતાના મંદિરની સામે ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૨ મો. ૯૩૨૦૫૩૪૯૭૩ |
| **જેઠાલાલ ચત્રભોજ ધરમશી** | રૂમ. નં બી/૭, સમતારાજ કો.ઓ.હા. સોસાયટી, તળ મજલા, માનવમંદિર કૉમ્પ્લેક્સ, અંબાડી રોડ, વસઈ (વેસ્ટ), - ૪૦૧૨૦૨ મો. ૦૯૧૭૫૫૯૦૭૯૦ |
| **શ્રીમતી હિના જે લોડાયા** | ૧૦૨, નવભાલચંદ્ર કો.ઓ.હા. સોસાયટી, શાસ્ત્રી નગર મ્યુનિસિપલ હૉસ્પીટલ પાસે, કોપર રોડ સામે, ડોંબીવલી (વેસ્ટ) - ૪૨૧૨૦૨ |
| **શ્રી લીનેશ કિર્તિકુમાર લોડાયા** | ૭/૧૫૦૧, બાલાજી ગાર્ડન, ન્યુ આયરે રોડ, કોપર સ્ટેશન (ઇસ્ટ) પાસે ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧૨૦૨ |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૨.૧૫ | બેલ્લારી (કર્ણાટક) | લક્ષ-ચાર્મી/નિખિલ વિજય મૈશેરી | જખૌ | પુત્ર |
| ૧૫.૦૯.૧૩ | વડાલા | હોશ-અફસાન/હર્ષલ મહેન્દ્ર અજાણી | કોઠારા | પુત્ર |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૪.૧૫ | માટુંગા | બાબુલાલ જીવરાજ લોડાયા | ગોરખડી | ૮૫ |
| ૧૭.૦૪.૧૫ | નાગપૂર | ગીતા ચંદુલાલ શાહ | કોઠારા | ૫૭ |

## પરબને સો-સો સલામ !

પરબ સંસ્થા દ્વારા લખલક્ષ્મી લુઠિયા જન સહાયક ફંડ પ્રેરિત રાહત દરે અનાજ તથા મસાલાનું વેચાણ તા. ૧૯ તથા તા. ૨૦ માર્ચ ૨૦૧૫ના રોજ પરમ કેશવ બાગ, નવરોજ લેન, ઘાટકોપર ખાતે યોજવામાં આવેલ. કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા, સાથ-સહકાર હિંમત અને પીઠબળ એ પરબ તરફથી સહજ મળતું રહે છે. એ બદલ પરબની ટીમનો ખુબ આભાર.

સ્વહસ્તે જયણાપૂર્વક ઉચ્ચ સ્તરના ખાદ્ય પદાર્થો બનાવનાર બહેનોનું સન્માન પ્રોત્સાહન પ્રેરક રહ્યું. અન્ય સામાજીક, શૈક્ષણિક તથા મેડીકલ ચેક-અપ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આજે પરબે જ્ઞાતિ માટે બેજોડ દાખલો બેસાડ્યો છે. કોઈપણ જાતના આડંબર કે અભિમાન વિનાની નિસ્વાર્થ સેવા આ સંસ્થાની એક આગવી ઓળખ, આગવી પરંપરા છે. નારીની નારી દ્વારા અને નારી માટે પ્રવૃત્ત જ્ઞાતિની એકમાત્ર નારી સંસ્થા પરબની અનુમોદના સહ ધન્યવાદ.

**• લક્ષ્મીબેન વિજય લોડાયા • ભારતી ગૌતમ દંડ • સર્વે સ્ટોલ ધારકો**


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

"અવસર બેર બેર નહીં આવે,
તન–ધન–જોબન સબ હી જૂઠા, પ્રાણ પલક મેં જાવે."

# કુ. હેતલબેન મણીલાલ ખોના – સાંધવ, ભાંડુપ

**ની પૂનીત પ્રવજ્યા – દીક્ષા પ્રસંગે પધારવા ફરી એક વાર**

## આત્મીયભર્યું આમંત્રણ.

તા. ૨૦/૪/૨૦૧૫ સોમવાર, વૈશાખ સુદ ૨ થી તા. ૨૪/૪/૨૦૧૫ શુક્રવાર, વૈશાખ સુદ ૬
સ્થળ : અનંતસિધ્ધિ તથા મેવાડ કેશરી ભવન, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૮.

**હર્યો–ભર્યો સંસાર ત્યાગી, સ્વ ના કલ્યાણ માટે દીક્ષા લેવી અને પાંચ મહાવ્રતોનું પાલન કરવું.**
**પાંચ મહાવ્રતો એટલે શું ?**

૧. સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત – કોઈપણ જીવને તકલીફ આપવાની ક્રિયામાંથી સંપૂર્ણ નિવૃત્તિ.
૨. સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત – ખોટુ બોલવામાંથી સંપૂર્ણ પણે અટકવું... વિરામ પામવું.
૩. સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત – ચોરી ના કાર્યમાંથી સંપૂર્ણ પણે અટકવું... વિરામ પામવું.
૪. સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત – સર્વ પ્રકારના જાતિય ભોગોમાંથી સંપૂર્ણ પણે વિરામ પામવું... સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું.
૫. સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત – જીવન જરૂરીયાતની વસ્તુઓ ઉપર સંપૂર્ણ મર્યાદા રાખવી.

આવા કલીકાલ માં સુખ ના સાધનોને તજીને, યુવાન વયે દીક્ષા લેવાના ભાવ જાગે અને
મુંબઈ મહાજન, સાંધવ મહાજન અને ભાંડુપ સંઘ ને યજમાન બનવાનો મોકો મળે ત્યારે

**સર્વે જ્ઞાતિજનો ને એક જ વિનંતી –**

*પધારો.. પધારો... પધારો....*

અમ આંગણીયે અને નુતન દીક્ષાર્થી ને હૃદય ના શુભ ભાવો થી ચતુર્વિધ સંઘ ની હાજરીમાં
આશીર્વાદ આપીને કહીયે કે.....



જા સંયમ પંથે દીક્ષાર્થી... તારો પંથ સદા ઉજમાળ બને.
જંજીર હતી જે કર્મો ની, તે મુક્તિ ની વરમાળ બને.
દેવો પણ ઝંખે દર્શનને, તારો એવો દિવ્ય દેદાર બને.
તારા જ્ઞાન દીપકના તેજ થકી, આ દુનિયા ઝાકઝમાળ બને.
પધારો... ભાગ્યશાળીઓ, આળશ કરશો માં અને તક ગુમાવશોમાં...
જીવનનો અમુલ્ય અવસર આવ્યો આંગણીયે
જેના રોમ રોમ થી ત્યાગ અને સંયમની વિલસે ધારા,
દુનિયામાં જેની જોડ જડે ના એવું જીવન જીવનારા... આ છે અણગાર અમારા

**આયોજક :**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, સાંધવ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ**

Chintan Graphics - 2508 4463

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

શ્રીમતી મીનાબેન મણીલાલભાઈ
(સાંધવ - ભાંડુપ) ના
સુપુત્રી મુમુક્ષુ હેતલબેનની
ભગવતી પ્રવજ્યાની

# ભાવભરી

# અનુમોદના....



અલ્પ વયે સત્ય સમજ્યા,
પસંદ કર્યો શ્રેષ્ઠ વિકલ્પ,
સંસારની માયાજાળ મોટી,
પણ સાચું સુખ અલ્પ
શુભેચ્છા કે દેવગુરૂ પસાયે,
સાર્થક થાય સંયમનો સંકલ્પ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**





if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,